(તસવીર : દિપક જાની)

માનવતાના મૂળ : શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા સેંટ ઝેવિયર્સના વાર્ષિકોત્સવ પ્રસંગે 'રૂટ્સ ઓફ હ્યુમિનિટી' થીમ પર યોજાયેલ કાર્યક્રમથી વાલીઓ અને આમંત્રિતો મંત્રમુગ્ધ બન્યા હતા. માનવતાના સંદર્ભે અલગ - અલગ પાસાઓને આવરી લેતો અદ્‌ભુત કાર્યક્રમ માત્ર સાંસ્કૃતિક ચેતનાની અભિવ્યક્તિ જ નહોતી પરંતુ સમાજની આવતીકાલને સજ્જ બનાવવાનો ભગીરથ પ્રયાસ કરાયો હતો. સાંસ્કૃતિક અભિવ્યક્તિની સાથે માનવીય સંસ્કાર આપવાનો અભિગમ અભિનંદનીય છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડિયર... તું જરાપણ ડિપ્રેસ ન થઈશ... જેવી રીતે ગુજરાતનાં બજેટમાં મેલ - ડીપર સસ્તા થયા છે... એમ... દિલ્હીનાં બજેટમાં... ફીમેલનું ધ્યાન રખાશે...!!

સે-૨૪ હરસિધ્ધનગરમાં ગટરો ઉભરાતા રહીશો ત્રાહીમામ

અનેક રજુઆતોના અંતે પણ સમસ્યાનો કોઈ નિકાલ આવતો નથી

ગાંધીનગર તા ૨૭

સે-૨૪ હરસિધ્ધનગરના રહીશો પાણી ગટર વેરો નિયમિત ભરપાઈ કરતા હોવાછતા ગટરોની સમસ્યાનો નિકાલ આવતો ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. હરસિધ્ધનગરમાં છેલ્લા એક અઠવાડીયાથી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો માટે મુંઝવણરૂપ સ્થિતિ પ્રવર્તી છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. છાશવારે ગટરો ઉભરાતા સેકટરવાસીઓ માટે મુંઝવણ ઉભી થાય છે. સેકટરોમાં ગટર ઉભરાવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. આમછતા ગટરોની ફરિયાદોનુ સમયસર નિરાકરણ આવતુ નથી. સેકટરોમાં વસ્તી અને વિકાસ મુજબ ગટર લાઈન અપગ્રેડ કરવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. ત્યારે મેન પાવર અને જરૂરી મશીનરીના અભાવ વચ્ચે કાર્યરત તંત્ર દ્વારા ફરિયાદોના નિરાકરણ માટે ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો કકળાટ પ્રવર્તયો છે. સે-૨૪ ની ડ્રેનેજ ઈન્ક્વાયરીમાં ફરિયાદોના ઉકેલ વગર જ કમ્પલેઈન બુકમાં શેરો મારી દેવામાં આવતો હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. સેકટરના હરસિધ્ધનગર વિસ્તારમાં ગટરનુ પાણી બેક મારતા દુષિત પાણીનો ભરાવો થાય છે. આમછતા ફરિયાદના નિવારણ માટે ત્વરિત કોઈ પગલા લેવાતા નથી. શહેરની ઈન્ક્વાયરી કચેરીઓ તદન મૃતપાય હાલતમાં હોય તેમ રહીશોની ફરિયાદો સાંભળવામાં કોઈને રસ જ નથી.

નવરાત્રી સમિતિ સેકટર-૩-ન્યુ દ્વારા શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

નવરાત્રી મહોત્સવ સમિતિ, વસાહત મંડળ અને નવદુર્ગા સેવા ટ્રસ્ટ સેકટર-૩-ન્યુ તથા ગોપી મહિલા મંડળના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧ થી ૭ માર્ચ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન પ્રવિણભાઈ પંડયાની વ્યાસપીઠે કથા યોજાશે. નવરાત્રી ચોક, શોપીંગ સેન્ટર, સે-૩ ખાતે યોજાનાર પિતૃ મોક્ષાર્થે વામન અવતાર, નૃસિંહ અવતાર, રામ પ્રાગટય, કૃષ્ણા પ્રાગટય, ગોવર્ધનલીલા અને રૂક્ષ્મણીવિવાહ સહિતના ધાર્મિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે. કથાના પ્રારંભે કમળાબેન રમેશભાઈ સોલંકી અને નિર્મળાબેન ખીમજીભાઈ ભગોરાના નિવાસસ્થાનેથી તા.૧ માર્ચના રોજ બપોરે ૩.૧૫ કલાકે સેકટરમાં પરિભ્રમણ કરીને કથા સ્થળે પહોંચશે. કથાનો લાભ લેવા સમિતિના મહામંત્રી બિપીનભાઈ પરમારે ભાવિક ભકતોને જણાવ્યું છે.

(તસવીર : દિપક જાની)

ભજન સંધ્યા : ગાંધીનગર શહેર - જિલ્લા વણીક સમાજ દ્વારા યોજાયેલ ભજન સંધ્યામાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. જાણીતા ભજનીક મુકેશભાઈ ભટ્ટના ભજનોએ ભારે જમાવટ કરી હતી. શ્રીજીની આરાધના કરતા ભજનોમાં સૌ ભાવકો ઓતપ્રોત બન્યા હતા.

ખૂણે ખાંચરેથી...

- ગુજરાત ઈન સર્વિસ ડોકટર્સ ગીડાની ગાંધીનગર શાખાના નવા પ્રમુખ તરીકે ડૉ. દિનેશ જાગાણી અને સેક્રેટરી તરીકે ડૉ. દિનેશ બારોટની નિયુકતી કરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં આજે શિશિરના પવનોએ નગરને આંધીનગરમાં ફેરવી નાખ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં ઉધઈની પીડાથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા છે.
- સંસ્કૃતિ કુંજમાં ચાલી રહેલા વસંતોત્સવનેમાણવા આજે જિલ્લાના અને શહેરના અધિકારીઓ સપરિવાર ગયા હતા.
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરી આજે ગાંધીનગરના અતિથી હતા અને કડી વિશ્વ વિદ્યાલય ખાતેના તેમના પ્રવચનમાં તેમણે કલ્ચરલ ફોરમને પણ યાદ કર્યું હતું.
- ભારત પાક. વચ્ચેની આજે ટી-૨૦ની મેચને પગલે માર્ગો સાંજે સુમસામ બની ગયા હતા.
- ઋતુમાં પરિવર્તન થતાં જ ગાંધીનગરમાં શરદીના દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

શ્રી સ્વામીનારાયણ મંદિર કડીનો ૯૭મો પાટોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર-વિશ્વશાંતિ કેન્દ્ર અંતર્ગતશ્રી સ્વામીનારાયણ મંદિર કડીનો ૯૭મો પાટોત્સવ શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં

યોજાયો. શ્રી ઘનશ્યામ મહારાજને પંચામૃત અભિષેક, આરતી, અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય બાળ સંસ્કાર સિંચન શિબિર તેમજ વ્યસનમુક્તિ શિબિર પણ યોજાઈ હતી.

પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે શિબિરમાં આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ જીવનમાં જે મૂલ્યો કે આદર્શોને મહત્વ આપે છે તેના આધારે તેની કિંમત અંકાય છે. દેશની પ્રજાનો આદરણીય વર્ગ જે જીવનમૂલ્યો સ્વીકારતો આવ્યો છે. જે જે આદર્શોને જીવનમાં સ્વિકારતો આવ્યો છે. તેના આધારે સંસ્કૃતિનુંઘડતર થાય છે. સંસ્કૃતિ જીવનમાં ઊંચુ સ્થાન ત્યાગને આપે છે. સ્વાર્થને નહિ સંયમને આપે છે. ભોગને નહિ.

આપણી સંસ્કૃતિ સલામતીને ખાતર સિદ્ધાંતનો ભોગ આપવામાં માનતી નથી. જીવન અને ધર્મના ઉજ્જવળ સિદ્ધાંતોને ખાતર સ્વસ્વનું સમર્પણ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ઠતા છે. સત્સંગ સંસ્કાર સિંચનથી દૃઢતા કેળવવાથી મનુષ્ય વ્યસનોમાં ફસાતો નથી. મનુષ્યમાં સહનશીલતા, ધીરજ ક્ષમા કેળવાશે. જીવન ધન્ય બનશે. મોટી સંખ્યામાં માનવ સમુહ પાટોત્સવ-શિબિરમાં ઉપસ્થિત રહ્યો હતો.

રંગાલી પ્રિ - સ્કૂલ દ્વારા ભારતીય સંસ્કાર થીમ પર વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર શહેરમાં આવેલી રંગોલી પ્રિ - સ્કૂલના બાળકોનો આજે ટાઉનહોલ ખાતે રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રિ - સ્કૂલના પાંચ સેન્ટરના ૨૭૫ થી વધુ નાના ભુલકાઓએ ૧૫ અદ્‌ભુત કૃતિઓ રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી મુક્યા હતા. ટાઉનહોલમાં ઉપસ્થિત મહેમાનોએ તાળીઓથી નાના વિદ્યાર્થીઓને વધાવી લીધા હતા.

રંગોલી પ્રિ - સ્કૂલની વિવિધ શાખાઓ સરગાસણ, કુડાસણ, અડાલજ, ન્યુ સીજી રોડ, અને મોટેરા શાળામાં અભ્યાસ કરતા બાળકોનો ભારતીય સંસ્કાર થીમ પર વાષિકોત્સવ યોજાયો હતો. રંગોલી સ્કૂલના ચેરમેન પ્રહર અંજારિયા, મેનેજીગ ચેરમેન અનામિકા અંજારિયા તેમજ પ્રિન્સીપાલ ડો. અંજુ વર્માએ દિપ પ્રગટાવીને કાર્યક્રમને શુભારંભ કરાવ્યો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા શેરથા પાસેથી દેશી દારૂની હેરાફેરી કરતી ઝેન ગાડી પકડાઈ

ગાડીમાંથી ૫૧૦ લીટર દેશી દારૂનો જથ્થો મળ્યો : ગાડી મુકીને બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા. ૨૭

સ્ટેટ મોનીટરીંગ સેલ આજે સવારથી જ શેરથા પાસે ચોકકસ બાતમીને આધારે વોંચમાં ગોઠવાઈ ગયો હતો. મોટા પાયે દેશી દારૂની હેરાફેરી કરતા શખ્સો ઝેન ગાડી લઈને નીકળવાના હોવાની બાતમી તેમને મળી હતી. દરમિયાન બાતમી વાળી કાર ત્યાંથી પસાર કરતા પકડી પાડી હતી પરંતુ તેમાં સવાર બંને શખ્સો ગાડી મુકીને ફરાર થઈ ગયા હતા. ઝેન ગાડીમાં તપાસ કરતાં તેમાંથી ૫૧૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ગુનો નોંધીને બુટલેગરો સુધી પહોંચવા તપાસ હાથ ધરવામાં આવી છે.

ડીજી હસ્તકની સ્કવોર્ડ સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે શેરથા પાસેથી દેશી દારૂની હેરાફેરી કરતી મારૂતી ઝેન નં. જીજે ૬ જેજે ૮૨૨૩ પસાર થવાની છે. જેને આધારે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં શેરથા પાસે સેલ વોચમાં ગોઠવાઈ ગયો હતો. બાતમી વાળી ઝેન પસાર થતા ઉભી રખાવી દેવામાં આવી હતી પરંતુ ત્યાં ગાડી મુકી અમદાવાદના સુનિલ સિંધી તથા સુરતના જયેન્દ્ર ડાભી બંને બુટલેગરો ફરાર થઈ ગયા હતા. ગાડીમાં તપાસ કરતા અંદરથી કોથળા મળી આવ્યા હતા. જેમાં ૫૧૦ લીટર દેશી દારૂ ભર્યો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને સઘન તપાસ આરંભી છે.

ગુજરાત વણકર સેવા સમાજનું ૨૦મું જીવનસાથી પસંદગી સંમેલન

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ આયોજિત ૨૦મા જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન તા. ૬ઠ્ઠી માર્ચના રોજ બપોરે એક વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સરસપુર ખાતે કરવામાં આવેલ છે. માહિતી માટે નીચેના મેરેજ બ્યુરો પ્રતિનિધિઓ કાન્તાબેન ડોડીયા, ૪૪૭, ગાયત્રી સોસાયટી, સે-૨૭, ડી. એમ. પરમાર - પ્લોટ નં. ૫૪૦/૨ સે-૭-બી, ચંપાબેન વાઘેલા - પ્લોટ નં. ૭૯૫/૧, સે-૨-સીનો સંપર્ક કરવા જણાવેલ છે.

ઉતર દશક્રોઈ કડવા પાટીદાર સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

શ્રી ઉતર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સુધારક મંડલ દ્વારા ચોવીસમો સમૂહલગ્નોત્સવ તા. ૨૮ ફેબુઆરીને રવિવારના રોજ વાડીલાલ ડાહ્યાભાઈ પટેલ વિદ્યાસંકુલ કુડાસણ, રાયસણ પેટ્રોલ પંપ પાછળ , રાયસણ રોડ ગાંધીનગર ખાતે યોજાશે. આ સમૂહલગ્નોત્સવમાં સમાજના ૧૩ નવદંપતિ પ્રભુતામાં પગલા પાડશે.આ પ્રસંગે અગ્રણી આગેવાનો, મંડળના હોદેદારો સહિત સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહેશે.

ઉતર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ દ્વારા આયોજીત ૨૪ માં લગ્નોત્સવમાં ગણેશ સ્થાપન સવારે ૫-૪૫ કલાકે, ગ્રહશાંતિ સવારે ૫-૫૫ કલાકે, જાન આગમન સવારે ૮-૧૫ કલાકે, વર પોંખણી સવારે ૯ - ૧૫ કલાકે, હસ્ત મેળાપ સવારે ૧૧-૧૫ કલાકે, કન્યા વિદાય બપોર ૩-૩૦ કલાકે, ભોજન સમારંભ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન યોજાશે. આ પ્રસંગે રાજા ઈન્ડરસ્ટ્રીઝ કડી ના ડાહ્યાભાઈ પ્રહલાદભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય ગાંધીનગર રાજેન્દ્રભાઈ પટેલ, બિલ્ડર ચીમનલાલા અંબૂલાલ પટેલ નવા કોબા, શકરાભાઈ ધુળાભાઈ પટેલ પારસ બિલ્ડર્સ, તેમજ મધુર ડેરીના ડિરેકટર રમીલાબેન શકરાભાઈ પટેલ સહિત અન્ય સમાજના મહાનુંભાવો ખાસ નવદંપિતઓને આશિર્વાદ આપવા હાજર રહેશે.

રાષ્ટ્રપતિના હસ્તે જામનગરમાં એરફોર્સ યુનિટનું સન્માન

ચોથી માર્ચે જામનગર એરફોર્સ સ્ટેશનમાં ભવ્ય કાર્યક્રમ : જામનગરના બે યુનિટની પ્રશંસનીય કામગીરીને સન્માનીત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્યના જામનગર ખાતે સ્થિત એરફોર્સના બે યુનિટનું ચોથી માર્ચે દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે સન્માન કરવામાં આવશે. જામનગર સ્થિત બે એરફોર્સ યુનિટ ઈન્ડીયન એરફોર્સમાં શ્રેષ્ઠ યુનિટ તરીકે બિરૂદ પામેલા છે. જામનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ બંને યુનિટને રાષ્ટ્રપતિ ચંદ્રક અને ધ્વજ અર્પણ કરશે.

દેશની સરહદો પર તમામ ખતરાનો સામનો કરી દેશની સુરક્ષા માટે અમુલ્ય સેવા આપવા ઉપરાંત ભુકંપ, આતંકવાદી હૂમલા, સુનામી સહીતની કુદરતી તથા માનવસર્જીત આફતોમાં બચાવ કામગીરી કરી વિશેષ યોગદાન આપનાર યુનિટોને આ સર્વોચ્ચ સન્માન આપવામાં આવે છે. ગુજરાતના જામનગર ખાતે સ્થિત બે યુનિટ ૧૧૯ હેલીકોપ્ટર અને ૨૮ ઉપકરણનેઆ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા છે. એન્જલ ઓફ મર્સીના નામે જાણીતા ૧૧૯ હેલીકોપ્ટર યુનીટની સ્થાપના ૩ માર્ચ ૧૯૭૨માં થઈ હતી. આ યુનિટ દ્વારા અત્યાર સુધીમાં અનેક ઓપરેશનો પાર પાડી પ્રસંશનીય કામગીરી કરી છે. ૪થી માર્ચે જામનગર એરફોર્સ સ્ટેશને યોજાનાર એવોર્ડ ઓફ પ્રેસીડેન્ટસ સ્ટાન્ડર્ડ પેઝન્ટેશન કાર્યક્રમની સંપૂર્ણ માહિતી ગઈકાલે ગાંધીનગર નજીક સ્થિત એરફોર્સ સ્ટેશન ખાતે સાઉથ વેસ્ટ એર કમાન્ડના વડાએ આપી હતી.

રાજ્યમાં પ્રથમ ખેડૂત સહકારી મંડળીનું કોલ્ડ સ્ટોરેજ

૭૦૦૦ મેટ્રીક ટનની સંગ્રહ ક્ષમતા ધરાવતો કોલ્ડ સ્ટોરેજ એ ગુજરાતમાં ખેડૂતો દ્વારા ઉભો થયેલો પ્રથમ પ્રોજેક્ટ, સીઝનેબલ પાકને સાચવી રાખવા તથા પોષણક્ષમ ભાવો મળવાના દ્વાર ખુલતાં પંથકના ખેડૂતો હરખઘેલા બન્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા તથા સાણોદા વિસ્તારમાં ખેડૂતોએ મંડળી ઉભી કરીને

સહીયારા સાથ થકી ખેત ઉપજના સંગ્રહ અને સાચવણી માટે કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કર્યુ છે. દહેગામ વિસ્તારમાં આવેલા કોલ્ડ સ્ટોરેજ માટે ખેડૂતોને થતાં રઝળપાટ અને કોલ્ડ સ્ટોરેજ માલિકોની મોનોપોલીનો આ પ્રોજેક્ટથી અંત આવ્યો છે. અનેક સુવિધા ધરાવતા આ કોલ્ડ સ્ટોરેજથી આજુબાજુના ગામોના ખેડૂતોને સીઝનેબલ પાકને સાચવી રાખવા તથા પોષણક્ષમ ભાવો મળવાની અપેક્ષા વધી ગઈ છે જેથી પંથકના ખેડૂતોમાં આનંદની લાગણી ફરી વળી છે.

ગાંધીનગરથી થોડાક જ કિલોમીટરના અંતરે આવેલા ઈસમપુર-મોટા અને સાણોદા માર્ગ ઉપર ૨૩ જેટલા ખેડૂતોએ એક મંડળની રચના કરી કોલ્ડ સ્ટોરેજનું સપનું સાકાર કર્યું છે. સાડા છ કરોડના ખર્ચે ઉભો થયેલ આ પ્રોજેક્ટ ગુજરાતમાં ખેડૂતો દ્વારા સંચાલિત પ્રથમ પ્રોજેક્ટ ગણાઈ રહ્યો છે. ૭૦૦૦ મેટ્રીક ટનની સંગ્રહક્ષમતા ધરાવતા આ કોલ્ડ સ્ટોરેજમાં સંપુર્ણ

યફ ચેનલનો સ્ટોરેજ, સીઓટુ સીસ્ટમ, ફોગર સીસ્ટમ તથા સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ વિશિષ્ટતાઓ ઉપલબ્ધ બની છે. સાડા ત્રણ વિઘા જમીનમાં ફેલાયેલા આ કોલ્ડ સ્ટોરેજમાં ૧૪ લાખ ગુણીની ક્ષમતા છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના આર્થિક સહયોગ અને ખેડૂતોની મુડીથી ઉભા થયેલા કોલ્ડ સ્ટોરેજથી આજુબાજુના અનેક ગામોના ખેડૂતોને લાભ થવાની સંભાવનાઓ વધી ગઈ છે.